GJBN030015152023

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૨/૦૮/૨૦૨૩ |
| દાખલ તારીખ | : | ૨૨/૦૮/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : | ૦૩/૦૮/૨૦૨૬ |
| સમય અવધિ | | વર્ષ ૦૨, માસ ૧૧, દિવસ ૧૨ |

**ઘોઘાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ઘોઘા,જિ—ભાવનગર.**
**શ્રી એ.એસ.ગોયલ—જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**

**ફોજદારી કેસ નંબર-૧૦૫૫/૨૦૨૩**

જજમેન્ટ આંકઃ-...........

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ |
| એફ.આઇ.આર.નં. | ફ.ગુના રજી.નં. ૧૧૧૯૮૦૨૦૨૩૦૫૩૩/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ઘોઘા પો.સ્ટે.,તા-ઘોઘા, જિ-ભાવનગર. |

**ફરીયાદીઃ- શ્રી સરકાર**

ફરીયાદ પક્ષે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એચ.બી.યોગી.

વિરૂદ્ધ

**આરોપીઃ- (૧)વીપુલભાઇ રવજીભાઇ મકવાણા.**
ઉ.વ.૩૮, ધંધો-મજૂરી,
**(૨)આરતીબેન વા/ઓ વીપુલભાઇ રવજીભાઇ મકવાણા.**
ઉ.વ.૩૫, ધંધો-
**(૩)ગીતાબેન વા/ઓ રવજીભાઇ કાનજીભાઇ**
ઉ.વ.-૫૯ ધંધો-
રહે.તમામ ગુંદી ગામ સીએચસી કોળીયાકની બાજુમાં
તા.જી.ભાવનગર.

આરોપી તરફે વિ.વકીલશ્રી આર.કે.ચાવડા.

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૭/૨૦૨૩ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૧/૦૭/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૮/૨૦૨૩ |
| તહોમતનામા/પ્લી ની તારીખ | ૦૨/૦૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૨/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(જો લાગુ પડે તો) | - |

## આરોપીની વિગતઃ

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | ગુન્હાનું તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વીપુલભાઇ રવજીભાઇ મકવાણા. | - | - | IPC ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, | નિર્દોષ છોડ્યા | - | - |
| ૨ | આરતીબેન વા/ઓ વીપુલભાઇ રવજીભાઇ મકવાણા. | - | - | IPC ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧ | નિર્દોષ છોડ્યા | - | - |
| ૩ | ગીતાબેન વા/ઓ રવજીભાઇ કાનજીભાઇ | - | - | IPC ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, | નિર્દોષ છોડ્યા | - | - |

**<u>નમુનો–ક</u>**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરીયાદ પક્ષના સાહેદ

| અનુક્રમ | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | રતનબેન ચંદુભાઈ મકવાણા | આંક-૦૭ | ફરીયાદી. |
| ફ.સા.૨ | ધર્મેશ અશોકભાઈ ભટ્ટ | આંક-૦૯ | પંચ સાહેદ |
| ફ.સા.૩ | મનુભાઈ ત્રિભોવનભાઈ | આંક-૧૨ | પંચ સાહેદ. |
| ફ.સા.૪ | જગદીશભાઈ હરજીભાઈ સોલંકી | આંક-૧૪ | સાહેદ. |
| ફ.સા.૫ | કીશોરભાઈ ગભાભાઈ વાઘેલા | આંક-૧૫ | સાહેદ. |
| ફ.સા.૬ | જયપાલ ચંદુભાઈ મકવાણા | આંક-૧૬ | સાહેદ |
| ફ.સા.૭ | અશ્વિનસિંહ વિક્રમસિંહ ચુડાસમા | આંક-૨૦ | તપાસ કરનાર અમલદાર |

બ.બચાવ પક્ષના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | | |

કોર્ટના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | | |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરીયાદ પક્ષના આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક -૦૮ | ફરીયાદ. |
| ૨. | આંક -૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

બ.બચાવ

| અનુ ક્રુ. | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | - | - |

ક. ન્યાયાલય આંક

| અનુ ક્રુ. | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | - | - |

ડ.ભૌતિક પદાર્થ.

| અનુ ક્રુ. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | - | - |

## - ચુકાદો -

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૭/૨૦૨૩ ના કલાક ૧૧-૩૦ વાગ્યે આ કામના ફરીયાદી રતનબેન તથા આ કામના આરોપી નં.૨ આરતીબેન વચ્ચે કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સાફ સફાઈ બાબતે માથાકુટ થતા આ કામના આરોપીઓએ ફરીયાદી તથા ફરીયાદીના દીકરા સાહેદ સાથે માથાકુટ કરી ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી ફરીયાદીને મુંઢમાર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ. આ બાબતની ફરીયાદ ઘોઘા પોલીસે ફસ્ટ ગુના રજી.નં.૧૧૧૯૮૦૨૦૨૩ ૦૫૩૩/૨૦૨૩ થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રીત કરી, આરોપી વિરૂદ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૩ મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૨) આરોપી હાજર થયે કાર્યવાહીઃ—**

ઉપરોક્ત ગુન્હાના કામે આરોપી વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં તે આધારે આરોપીને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ, જે સમન્સ/વોરંટ આરોપીને બજી જતા આરોપી આ અદાલત સમક્ષ હાજર

થતા તેને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી અને આંક-૦૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીનું પ્રાથમિક નિવેદન આંક-૪,૫,૬ થી લેવામાં આવતાં આરોપીએ ગુન્હા અંગેનો ઇન્કાર કરેલ છે. જેથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૨ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર થતાં હાલના કામે આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઇન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે,અમો નિર્દોષ છીએ ફરીયાદીએ ગ્રામપંચાયત કચેરીમાં કામ મેળવવા અમોને ફરીયાદના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ જ બનાવ બનેલ નથી. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૫) કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૧૧/૦૭/૨૦૨૩ ના કલાક ૧૧-૩૦ વાગ્યે આ કામના ફરીયાદી રતનબેન તથા આ કામના આરોપી નં.૨ આરતીબેન વચ્ચે કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સાફ સફાઇ બાબતે માથાકુટ થતા આ કામના આરોપીઓએ ફરીયાદી તથા ફરીયાદીના દીકરા સાહેદ સાથે માથાકુટ કરી ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી ફરીયાદીને મુંઢમાર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ. આ બાબતની ફરીયાદ ઘોઘા પોલીસે ફસ્ટ ગુના રજી.નં.૧૧૧૯૮૦૨૦૨૩૦૫૩૩/૨૦૨૩ થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## કારણો::-

(૭) આરોપી સામે શંકાથી પર રીતે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તે ક્રિમિનલ જ્યુરીશપ્રુડન્સનું પાયાનું અનુમાન છે. જેથી ફરીયાદ પક્ષે તેમનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. આ કામે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સહિંતાની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

**કલમ–૩૨૩ વંચાણે લેતા, જો કોઈ વ્યક્તિ કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગો સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તે ગુનો બને છે.**

આ કલમ મુજબનો ગુનો સાબિત કરવા એવું સાબિત કરવું પડે કે,

- આરોપીએ ફરીયાદીને ખરેખર શારીરિક પીડા, રોગ અથવા અશક્તતા પહોચાડી હતી.
- આરોપીએ એવુ ઈજા પહોચાડવા અથવા એમ જાણીને કર્યુ કે તેનાથી ઈજા પહોચશે.

**કલમ–૫૦૪– વંચાણે લેતા, ઉશકેરાય જઈને, કોઈ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસે એવો સંભવ હોવાનું જાણવા છતા, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશકેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.**

આ કલમ મુજબનો ગુનો સાબિત કરવા એવુ સાબિત કરવુ પડે કે,

- આરોપીએ કોઇ વ્યક્તિનુ અપમાન કર્યુ હતુ, તેણે ઈરાદાપૂર્વક આમ કર્યુ હતુ,
- તેણે તેમ કરીને, તે વ્યક્તિને ઉશકેરાટનું કારણ આપ્યુ હતુ.
- ઉશકેરાઇ જઇને તે વ્યક્તિ જાહેર સુલેહશાંતીનો ભંગ કરે અથવા બીજો કોઇ ગુનો કરી બેસે એવો તેનો ઈરાદો હતો અથવા એવુ થવાનો સંભવ હોવાનું તે જાણતો હતો.

**કલમ–૫૦૬(૨) વંચાણે લેતા જો કોઇ વ્યક્તિ મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની ગુનાહિત ધમકી આપે તો તે ગુનો બને છે.**

આ કલમ મુજબનો ગુનો સાબિત કરવા એવુ સાબિત કરવુ પડે કે,

- આરોપીએ કોઇકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ અથવા મિલક્તને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યક્તિ જે વ્યક્તિમાં રસ ધરાવતી હતી તેવી વ્યક્તિને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલક્તને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.
- આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.
- આરોપીએ કોઇ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પૈકી **ફરીયાદી રતનબેન ચંદુભાઇ મકવાણાનાઓએ આંક–૦૭ ની** સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, હાલનો બનાવ બેએક માસ અગાઉ પંચાતની ઓફીસમા બનેલો. હું સફાઇ કામ કરુ છું અને મારૂ કામ કરી રહી હતી ત્યારે મંત્રી સાહેબને પુછવા ગયેલ ત્યારે મને વિપુલ રવજી, તથા ગીતાબેન રવજીભાઇ તેમજ આરતીબેન વિપુલભાઇએ ગાળો ભાંડી અને મને મારકુટ કરેલી. પછી હું ઘોઘા

પો.સ્ટે.આવેલી અને પછી મને પોલીસ સ્ટેશનમાથી એવુ કહેલ કે તમે ઘોઘા દવાખાને જાવ તેથી હું ઘોઘા દવાખાને ગયેલી. મે મને માર મારેલ તે ઈજાની સારવાર લીધેલી. હું દવાખાનામાં એક કલાક રહેલી અને પછી પો.સ્ટે. ગયેલી અને ત્યા ફરીયાદ આપેલી. ફરીયાદ મારા લખાવ્યા મુજબની લખેલી અને મને વાંચી સંભળાવેલી અને તે બરાબર હતી અને મે સહી કરેલી. તેઓએ આંક–૦૮ ની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બનાવનું કારણ એવુ હતુ કે હું ઓફીસમા કામ કરતી હોય તે આરોપીઓને ગમતુ ન હોય તેની દાઝ રાખીને મને માર મારેલો. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, વિપુલભાઇ, આરતીબેન અને ગીતાબેન સફાઇ કામનો ધંધો કરે છે. એ વાત ખરી નથી કે, આરોપીઓનો કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સફાઇનો કોન્ટ્રાક્ટ ચાલે છે અને હું કોળીયાક ગ્રામ પંચાયત ઓફીસે તલાટી મંત્રીને સફાઇ કામના કોન્ટ્રાકટ માટે મળતા મને કોઇ કોન્ટ્રાક્ટ આપેલ નહીં. એ વાત ખરી નથી કે, કોળીયાક ગ્રામપંચાયત કચેરીમાં સફાઇ કામનું કામ આરોપીઓ કાયમ માટે કરે છે અને તેને કાઢી મને કામે રાખવા જણાવેલ. એ વાત ખરી નથી કે વિપુલભાઇ ઢોલ વગાડવાનું પણ કામ કરે છે. મારૂ ઘર કોળીયાક ગ્રામપંચાયત કચેરીથી ગાડી લઇને જઇએ તો દસ મીનીટ થાય છે અને ચાલીને જઇએ તો પંદર મીનીટ જેટલો સમય લાગે છે. એ વાત ખરી છે કે, સાહેદ જયપાલભાઇ ચંદુભાઇ મારો દિકરો થાય છે. સાહેદ જગદીશભાઇ સોલંકી અમારા ગામના સરપંચ છે અને આ કામના સાહેદ તલાટી કમ મંત્રી વાઘેલાઓને હું ઓળખું છું. એ વાત ખરી નથી કે મે સફાઇ કામદાર તરીકે રહેવા માટે સરપંચ જગદીશભાઇને પણ અવારનવાર રજૂઆત કરેલી. હું ઘોઘા પો.સ્ટે. ફરીયાદ લખાવવા ગયેલ તે સમયે મારો દિકરો જયપાલ સાથે આવેલ. એ વાત ખરી છે કે, પો.સ્ટે.ગયેલ ત્યારે બેભાન હાલમા હતી. પોલીસને મારા દીકરાએ રજૂઆત કરેલ. પોલીસે એક તૈયાર લખાણમા મારી સહી કરાવેલ અને પછી મને જતા રહેવાનું કહેલુ અને પછી અમે જતા રહેલા. મારે અને આરોપીઓને અવારનવાર ભેગા થવાનું બન્યા કરેલ છે. એ વાત ખરી નથી કે મારા ગમના સુભાષભાઇ વીગેરે સાથે મારે જમીન બાબતે ઝઘડો થયેલો. એ વાત ખરી નથી કે મે સરકારી દવાખાને કોઇ સારવાર લીધેલ નથી અને મે

સારવાર લીધેલ ન હોય તેમ છતા હું સારવાર લીધેલાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે, આરોપી સાથે મારે ધંધા બાબતે મનદુઃખ હોય જેથી તેને આ કામે સંડોવી દેવા માટે સોગંદપર ખોટી જુબાની આપુ છું અને આરોપીઓએ મને કોઇ ભુંડા બોલી ગાળો આપી, મારકુટ કરેલ ન હોય તેમ છતા હું આ વીગત ખોટી જણાવું છું તથા આરોપી સાથેના મનદુઃખના કારણે મે ખોટી ફરીયાદ કરેલ હોય જે ખોટી ફરીયાદને સમર્થન આપવા હું હાલની ખોટી જુબાની આપુ છું તેમજ આવો કોઇ બનાવ ક્યારેય બનેલ જ નથી. એ વાત ખરી નથી કે, હું સફાઇ કામ કરૂ છુ અને મારે કામ કરી રહી હતી તેવું હું ખોટુ જણાવું છું અને આવો કોઇ જ બનાવ બનેલ ન હોય તેમ છતા હું આરોપીઓ સાથેના મનદુઃખના કારણે સોગદપર ખોટી જુબાની આપુ છું.

(૯) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૦૯ થી પંચસાહેદ ધર્મેશ અશોકભાઇ ભટ્ટને તથા આંક–૧૨ થી પંચસાહેદ મનુભાઇ ત્રિભોવનભાઇને** સોગંદ પર તપાસેલ છે તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,પોલીસે એકાદ વર્ષ અગાઉ એક તૈયાર લખેલા કાગળમાં મારી સહી લીધેલી. તેઓએ **આંક–૧૦** વાળા પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઇ હકીકત જણાવતા ન હોય તેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં તેઓએ સાહેદોની વીગતવારની ઉલટ તપાસ કરવા છતા પણ ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઇ હકીકત બહાર લાવી શકેલ નથી.

(૧૦) વધુમાં ફરીયાદપક્ષે **આંક–૧૪** થી **સાહેદ જગદીશભાઇ હરજીભાઇ સોલંકીનાઓને** સોગંદ પર તપાસતા તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે અઢી વર્ષ અગાઉ કોળીયાક ગામ પંચાયતની ઓફીસે અગીયાર વાગ્યાની આજુબાજુ બનેલો. એ વખતે હું ઓફીસે હાજર હતો. એ વખતે વિપૂલભાઇ અને તેના પત્નિ અને તેમની બા પંચાયત ઓફીસે સફાઇ કામ કરવા માટે આવેલા. એ વખતે અમારા ગામના બીજા સફાઇ કામદાર રતનબેન અને ચંદુભાઇને, વિપુલ અને ગીતાબેનની સાથે માથાકુટ થયેલી.

અને પછી એ બન્નેને મે ખીજાઇ અને સમજાવીને કાઢી મુકેલા. કોઇના વચ્ચે મારકુટ થઇ હોય એવુ બનેલ નહી. આ સિવાય બીજુ કાંઇ બનેલ નહી. આરોપીઓને હું ઓળખુ છું આરોપીઓ આજરોજ નામ.કોર્ટ હાજર છે. પોલીસે બનાવ બાબતે મને કોઇ પુછપરછ કરેલ નહી કોઇ નીવેદન લીધેલ નહી અને મે પણ લખાવેલ નહીં. આમ, સાહેદ પોતાના પોલીસ નિવેદનને સમર્થન કરતી જુબાની આપતા ન હોય જેથી તેને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં તેઓએ સાહેદની વીગતવારની ઉલટ તપાસ કરવા છતા પણ ફરીયાદપક્ષને સમર્થન કરતી કોઇ હકીકત બહાર લાવી શકેલ નથી.

**(૧૧)** વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૧૫** થી સાહેદ **કીશોરભાઇ ગભાભાઇ વાઘેલા**નાઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૨૩ મા કોળીયાક મુકામે તલાટી કમ મંત્રી તરીકે હું ફરજ બજાવતો હતો. એ વખતે છઠ્ઠા કે સાતમા મહીનામા હું કચેરીમા હાજર હતો ત્યારે સવારના અગીયારથી બાર વાગ્યાનો સમય થયેલો. એ વખતે અમારા સફાઇ કર્મચારીઓ (૧) વિપુલભાઇ, (૨) ગીતાબેન અને (૩) ભારતીબેન સફાઇ કામ કરતા હતા. એ વખતે સામાવાળા રતનબેન સાથે તેમને કોઇ બાબતે ઝઘડો થયેલો. કોણે કોનું માથુ પકડેલુ અને શું થયેલુ તેની મને ખબર નથી. ગીતાબેનને આ મારામારીમા વાગી ગયેલુ. આ બનાવ મે નજરે જોયેલો. આ બનાવનું કારણ શું હતું તેની મને ખબર નથી. આરોપીઓને હું જોયેથી ઓળખું છું જે આજરોજ કોર્ટમા હાજર છે તે તેજ છે. પોલીસે બનાવ બાબતે મને કોઇ પુછપરછ કરેલ નહી. મારૂ કોઇ નીવેદન લીધેલુ નહી. મે કશુ લખાવેલુ નહીં. આમ, સાહેદ પોતાના પોલીસ નિવેદનને સમર્થન કરતી જુબાની આપતા ન હોય જેથી તેને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં તેઓએ સાહેદની ઉલટતપાસ કરતા સાહેદને તેમના પોલીસ રૂબરૂનુ નીવેદન બતાવવામા આવે છે જે જોઇને કહુ છું કે એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ અને બનેલ કે,"..... કોળીયાક ગામના રતનબેન ચંદુભાઇ મકવાણા આવેલા અને

આ ગુંદી ગામના આરતીબેન તથા રતનબેન વચ્ચે સફાઇ કામ માટે બોલાચાલી થયેલી અને બન્ને વચ્ચે ઝપાઝપી થયેલી આ દરમ્યાન આરતીબેનના સાસુ ગીતાબેન રવજીભાઇ મકવાણા આવી જતા આરતીબેન તથા ગીતાબેન બન્ને આ રતનબેનને ઢીકાપાટુનો માર મારેલ....આથી મે કોળીયાક ગામના સરપંચ જગદીશભાઇને બોલાવતા સરપંચ આવી જતા આ લોકોને જુદા પાડેલ અને વિપુલભાઇ તથા આરતીબેન તથા ગીતાબેન જતા જતા આ રતનબેનને ધાક ધમકી આપી જતા રહેલ હતા." વધુમાં બચાવપક્ષેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, મે કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા પાંચ વર્ષ નોકરી કરેલી. એ વાત ખરી છે કે, કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા નોકરી કરતો હોવ અને ગ્રામ પંચાયત કચેરીમા વિપુલભાઇ, આરતીબેન અને ગીતાબેન સફાઇ કામ કરતા હોય જેથી હું તેને ઓળખું છું. હું સરકારી ફરજ બજાવું છું તેમા સવારે સાડા દસ કલાકથી સાંજના ૬–૧૦ કલાક સુધી ફરજ બજાવવાની હોય છે. હું સાડા દસ કલાકે ફરજ ઉપર આવુ એટલે હું મારી કચેરીમા હોવ છું. એ વાત ખરી છે કે, હું મારી કચેરીમા અંદર બેઠો હોવ ત્યાથી બહારનું કાંઇ દેખાય નહીં.હું જે બનાવ કહુ છું તે અમારી કચેરીથી ઘણો દુર બનેલો. હવે કહુ છુ કે ૪૦ થી ૪૫ મીટર દુર બનેલો. પ્રશ્નઃ–તમે તમારી કચેરીમા અંદર બેઠેલ હોય બનાવ તમે નજરે જોયેલ નહીં. ? જવાબ–નજરે જોયેલો. એ વાત ખરી નથી કે, બનાવ બાબતે મને વાતોવાતથી જાણવા મળેલું. એ વાત મને યાદ નથી કે પોલીસે મારૂ કોઇ નીવેદન લીધેલુ કે કેમ. એ વાત મને યાદ નથી કે, "કોળીયાક ગામના રતનબેન ચંદુભાઇ મકવાણા આવેલા અને ગુંદી ગામના આરતીબેન તથા રતનબેન બન્ને વચ્ચે સફાઇ કામ માટે બોલાચાલી થયેલી અને બન્ને વચ્ચે ઝપાઝપી થયેલી આ દરમ્યાન આરતીબેનના સાસુ ગીતાબેન રવજીભાઇ મકવાણા આવી જતા આરતીબેન તથા ગીતાબેન બન્ને આ રતનબેનને ઢીકાપાટુનો માર મારેલો.... આથી મે કોળીયાક ગામના સરપંચ જગદીશભાઇને બોલાવતા સરપંચ આવી જતા આ લોકોને જુદા પાડેલ અને વિપુલભાઇ તથા આરતીબેન તથા ગીતાબેન જતા જતા આ રતનબેનને ધાક ધમકી આપી જતા રહેલ હતા." એવુ બનેલું. એ વાત ખરી નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી અને સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

(૧૨) વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૧૬** થી સાહેદ **જયપાલ ચંદુભાઇ મકવાણા**નાઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા કોળીયાક ગ્રામ પંચાયતની ઓફીસે સવારના સાડા દસ અગીયાર વાગ્યાના સુમારે બનેલો. એ વખતે હું પહેલા બહાર અને પછી મારા મમ્મી બોલાવવા માટે પંચાયતની કચેરીએ ગયેલો. એ વખતે ગીતાબેન અને આરતીબેન મારા મમ્મીને પકડી રાખેલા અને તેમના વાળ પકડી લીધેલા હતા અને તેમના છોડાવવા માટે હું પોતે એકકોર કરવા માટે ગયેલો. એ વખતે વિપુલભાઇ રવજીભાઇ દોડીને આવેલા અને મારા મમ્મીને મારવાની કોશીશ કરેલી. તે ઉપરાંત મે બધાને છુટા પાડેલા અને દરમ્યાન અમારા ગામના સરપંચ જગદીશભાઇ આવેલા અને એમણે અમને કીધેલુ કે કેસ કરી આવો. પછી ઘોઘા પો.સ્ટે. મા કેસ કરવા માટે આવેલા અને ત્યારે પોલીસવાળાએ મારા મમ્મીને એવુ કહેલ કે તમે પહેલા દવાખાને જઇ આવો અને અમે તેમને સામુહીક આરોગ્ય કેન્દ્ર ઘોઘા મુકામે સારવાર માટે લઇ ગયેલા અને ત્યા ડોક્ટર સાહેબે સારવાર આપેલી અને પછી અમે ફરીયાદ નોધાવવા માટે ગયેલા. ફરીયાદ મારા મમ્મીએ આપેલી. મારા મમ્મીને ઢીકાપાટુનો મુંઢમાર વાગેલો અને આ બનાવ ફરીયાદ અશ્વિનસિંહે લીધેલી. પોલીસે ફરીયાદના અનુસંધાને બનાવ બાબતે મને પુછપરછ કરેલી મારો જવાબો લીધેલો અને નીવેદન લીધેલ જે મારા લખાવ્યા મુજબનું બરાબર હતુ અને મને વાંચી સંભળાવેલું. તેઓએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં બચાવપક્ષેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓ અમારા વિસ્તારમાં રહે છે અને કૌટુંબિક ભાઇઓ થાય છે. પોલીસે મારી પુછપરછ ઘોઘા પો.સ્ટે.મા કરેલી. એ વાત ખરી નથી કે પોલીસે મારી પુછપરછ કરેલી, પરંતુ કોઇ લખાણ કરેલ નહીં.

<u>નોંધઃ– ફરીયાદી કોર્ટમાં હાજર હોય સાહેદની જુબાની ચાલતા સમયે વારંવાર વચ્ચે બોલી કહેલ છે કે લખાણ કરેલ છે. કોર્ટ દ્વારા સ્પષ્ટપણે કઇ બોલવાની મનાઇ કરતા ફરીયાદી ફરી વખતે વારંવાર બોલે છે કે લખાણ કરેલ છે. ફરીયાદીને કોર્ટથી બહાર બેસવાનો હુકમ કરવામા આવે છે અને ફરી વખતે કોર્ટ કાર્યવાહીમા હસ્તક્ષેપ નહી કરવાનું હુકમ કરવામાં આવે છે.</u>

એ વાત ખરી નથી કે પોલીસે જે લખાણ કરેલુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. એ વાત ખરી નથી કે, હું જે સરતપાસમા આરતીબેન અને ગીતાબેને મારા મમ્મીના વાળ પકડી લીધેલાનું કહુ છું તેવુ મે પોલીસને લખાવેલ નહી. હું જે ગ્રામ પંચાયત કચેરી કહુ છુ કે તે મારા ઘરથી આશરે ૨૦૦ થી ૨૫૦ મીટર દુર આવેલુ. એ વાત ખરી છે કે, ગ્રામ પંચાયત કચેરીથી કોઇ સાદ કરે તો મારા ઘરે સંભળાઇ નહી. એ વાત ખરી નથી કે, સવારના સાડા અગીયાર વાગ્યાના સમયે હું મારા ઘરે હતો. મે પોલીસને તે જ દિવસે જવાબ લખાવેલો. એ વાત ખરી છે કે, આરતીબેન અને ગીતાબેન વર્ષોથી કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સફાઇનું કામ કરે છે. એ વાતની મને ખબર નથી કે વિપુલભાઇ વ્રજવીહાર હોટલ ભુંભલીમા સફાઇનું કામ કરે છે. એ વાત ખરી છે કે, આરતીબેન,ગીતાબેન અને વિપુલભાઇના કુટુંબ સાથે જમીન બાબતે અમારે વર્ષોથી મનુદુઃખ ચાલે છે. એ વાતની મને ખબર નથી કે વિપુલભાઇના બાપુ રવજીભાઇ તેમના હિસ્સાની જમીન સુભાષભાઇને વેચાણથી આપી દીધેલ છે. એ વાત ખરી નથી કે કોળીયાક મુકામે જે.કે.ચોટાલા હાઇસ્કુલની બાજુમા આવેલ જમીન બાબતે મારે સુભાષભાઇ અને સવજીભાઇની સાથે માથાકુટ ચાલે છે. એ વાત ખરી છે કે, મારા મમ્મી, મારા પપ્પા અને મે સુભાષભાઇ અને રવજીભાઇ સામે પોલીસ ફરીયાદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે, સુભાષભાઇ અને સવજીભાઇએ અમારી સામે લેન્ડગ્રેબીંગની ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે મારા મમ્મી અને પપ્પાને એવુ લાગે છે કે, આ સવજીભાઇ અને સુભાષભાઇ સાથે વિપુલભાઇના કુટુંબના કારણે ઝઘડો થાય છે. એ વાત ખરી નથી કે મારા મમ્મીને કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સફાઇ કામદાર તરીકે રહે છું.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે વર્ષોથી કરે છે. એ વાત ખરી નથી કે, હું મારી સરતપાસમા એવુ જણાવું છુ કે, " તે વખતે વિપુલભાઇ દોડતા આવેલા અને મારા મમ્મીને મારવા દોડેલા" તેવુ હું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે, " તે વખતે મે આ બધાને છુટા પાડેલા અને તે વખતે અમારા ગામના જગદીશભાઇ આવી ગયેલા" તેવુ હું ખોટુ જણાવુ છું. એ વાત ખરી છે કે આ જગદીશભાઇના કહેવાથી અમે ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે અમે ઘોઘા કેસ કરવા આવેલા ત્યારે પોલીસે મારા મમ્મીને કહેલ કે પહેલા સારવાર

કરાવો તેવુ હું ખોટુ જણાવુ છું. એ વાત ખરી નથી કે, મારા મમ્મીએ હું જે બનાવ કહુ છું તેવા બાબતે કોઇ સારવાર લીધેલ નથી. એ વાત ખરી નથી કે, હું સારવાર બાબતે ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે મારા મમ્મીને ઢીકાપાટુનો માર વાગેલાનું હું ખોટુ જણાવું છું. તથા બનાવની ફરીયાદ અશ્વિનસિંહે લીધેલાનું ખોટુ જણાવું છું. તેમજ અમારે અને વિપુલભાઇનના કુટુંબનાઓને મનદુઃખ ચાલતુ હોય જેથી મારા મમ્મીએ ખોટી ફરીયાદ કરેલ છે. તેમજ ફરીયાદી મારા મમ્મી થતા હોય તેની ખોટી ફરીયાદને સમર્થન આપવા હું સોગદ ઉપર હાલમા ખોટી જુબાની આપુ છું. તથા આરોપીઓ સાથે મનદુઃખના કારણે આવો કોઇ બનાવ બનેલ ન હોય તેમ છતા મે અને મારા મમ્મીએ આરોપીઓને હેરાન પરેશાન કરવા ખોટી ફરીયાદમા સંડોવી દીધેલ છે.

(૧૩) વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૨૦** થી સાહેદ **અશ્વિનસિંહ વિક્રમસિંહ ચુડાસમા**નાઓએ પોતાના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, સને ૨૦૨૩ મા હું ઘોઘા ખાતે એ.એસ.આઇ. તરીકે ફરજ ઉપર હાજર હતો ત્યારે તા.૧૧/૭/૨૩ ના રોજ આ કામના ફરીયાદી રતનબેન વા/ઓ ચંદુભાઇ મકવાણાનાઓએ પી.એસ.ઓ. આર.જી.મકવાણાઓ સમક્ષ આજ દિવસના બનાવની ફરીયાદવાળી હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ અને તેઓને વાંચી સંભળાવી ફરીયાદ તેમના લખાવ્યા મુજબની હોય ફરીયાદ તરીકે તેઓની સહી લઇ રૂબરૂપણામા પી.એસ.ઓ. તરીકે આર.જી.મકવાણાનાઓએ પોતાની સહી કરેલી અને તેઓએ સદર ફરીયાદ ઘોઘા પો.સ્ટે. ગુ.ર.નં.૨૩૦૫૩૩/૨૦૨૩ ઇ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ ની વીગતે ગુન્હો નોંધી સ્ટે.ડાયરીમા એન્ટ્રી કરી આગળની તપાસ લેખીત યાદી સાથે મારા તરફ મોકલી આપતા. મે આ કામની તપાસ સંભાળી લીધેલી. મને આજરોજ પી.એસ.ઓ.શ્રી આર.જી.મકવાણાનાઓએ આ કામે તપાસ મારા તરફ મોકલી આપતા કરેલી યાદીની ઝેરોક્ષ ખરી નકલ બતાવવામા આવે છે જેમા પી.એસ.ઓ.તરીકે આર.જી.મકવાણાનાઓની સહી છે અને ખરી નકલમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જે પુરાવાના કામે રજૂ દા.આંક–૨૧ છે મને આંક–૦૮ થી રજૂ ફરીયાદ બતાવવામા આવે છે જે આજ ફરીયાદ છે જે

મને તપાસના કામે પી.એસ.ઓ તરફે મળેલી. ફરીયાદનો અભ્યાસ કરી તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરવાનું હોય તા.૧૧/૭/૨૦૨૩ ના રોજ બે સ્વતંત્ર માણસોને પંચ તરીકે બોલાવી પંચમા રહેવા સમજ કરી તેઓને સાથે રાખી ફરીયાદી રતબને વા/ઓ ચંદુભાઇ મકવાણાનાઓની હાજરીમા ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલુ. જે પંચનામું આ કામે આંક-૧૦ થી રજૂ છે. જેમા પંચોની સહી છે અને રૂબરૂપણામા મારી સહી ઓળખી બતાવુ છું. આ કામે સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. આરોપી પો.સ્ટે.ખાતે હાજર થયેલ હોય તેઓના ટેબલ જામીન લઇ તેમને મુકત કરેલા. તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ન્યાયિક કાર્યવાહી થવા નામદાર કોર્ટમા ચાર્જશીટ રજુ રાખેલુ. હું આ કામે આરોપીઓને ઓળખુ છું. આજરોજ આરોપીઓ પૈકી નં.૧ સિવાયના આરોપીઓ હાજર છે તે તેજ છે.આરોપી નં.૧ હાજર ન હોય આરોપીનો એકઝામશન રીપોર્ટ રજૂ કરેલ છે જેમા આરોપીની ઓળખ અંગે તકરાર જતી કરેલ છે. મને આ કામે આંક-૧ થી રજૂ ચાર્જશીટમા ત.ક.અ. તરીકે મારી સહી ઓળખી બતાવુ છું. આ સિવાય મે કોઇ કાર્યવાહી કરેલ નથી અને આ સિવાય હું કાંઇ કહેવા માંગતો નથી. વધૂમા એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ મે લીધેલ નથી જેથી ફરીયાદના લખાણ બાબતે મને અંગત જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાના પંચ મનુભાઇ ત્રીભુવનભાઇ ડોડીયા તથા ધર્મેશ અશોકભાઇ ભટ્ટની મે ઘોઘા બસ સ્ટેન્ડ પાસે ઉભા રાખી તૈયાર પંચનામામા મે સહિ કરાવેલી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓને મે અટક કરેલ હોય જેથી હું તેઓને ઓળખુ છું. એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદીને મને તપાસ મળ્યા બાદ હું મળેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામુ કરેલુ ત્યારે મળેલો. એ વાત ખરી છે કે, આ કામના આરોપી નં. ૧ વ્રજ વિહાર હોટલમા અને સરકારી દવાખાના કોળીયાકમા સફાઇ કામ કરે છે. એ વાત ખરી નથી કે ફરીયાદનુ લખાણ ફરીયાદીના દીકરા જયપાલભાઇએ લખાવેલુ. એ વાત ખરી નથી કે ફરીયાદનુ લખાણ લખેલ ત્યારે ફરીયાદી બેભાન હાલતમા હતા. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદીને કોળીયાક ગામના સુભાષભાઇ સાથે પણ માથાકુટ ચાલે છે. આ કામના ફરીયાદી અવારનવાર ઘોઘા પો.સ્ટે.મા અરજી કરવા આવે છે.

આ કામના આરોપી અને ફરીયાદી એક જ જ્ઞાતીના અને એક જ કુટુંબના છે. બનાવ મે નજરે જોયેલ ન હોય જેથી મને બનાવ બાબતે અંગ જાત માહિતી ન હોય. એ વાત ખરી નથી કે, જગદીશભાઇ હરજીભાઇ તથા કીશોરભાઇ ગભાભાઇ વાઘેલાની કોઇ પુછપરછ કરેલ નહી કે કોઇ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, હું મારી તપાસ દરમ્યાન ક્યારેય કોળીયાક ગ્રામ પંચાયત કચેરીએ ગયેલો નહી. એ વાત ખરી નથી કે, ગ્રામ પંચાયત કચેરીની અંદર બેઠેલ હોય તો બહાર જોઇ શકાય નહી તેવી વ્યવસ્થા છે. એ વાત ખરી છે કે આ કામના સાહેદ જયપાલભાઇ ચંદુભાઇ મકવાણા ફરીયાદીના દીકરા છે. એ વાત ખરી નથી કે જયપાલભાઇનું નિવેદન મે મારી જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, જયપાલભાઇએ મારી રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ નહી કે " આરતીબેન અને ગીતાબેને મારી મમ્મીના વાળ પકડી લીધેલા." એ વાત ખરી છે કે, હું જે બનાવાળુ સ્થળ કહુ છું ત્યાથી ફરીયાદીનું ઘર ૨૦૦–૩૦૦ મીટર દુર આવેલુ છે.એ વાત ખરી છે કે, સાહેદ જયપાલભાઇએ મારી રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ છે કે," સવારના સાડા અગીયાર વાગ્યાના સુમારે હું મારા ઘરે હાજર હતો." આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે તેમના રહેણાકના મકાનની બાજુમા આવેલ જગ્યા બાબતે મનદુઃખ ચાલે છે. એ વાત ખરી નથી કે, ફરીયાદીને આરોપીઓ સાથે જમીન બાબતે મુનદુઃખ ચાલતુ હોય ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે સહાદે જયપાલભાઇએ મારી રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ નહી કે, " એ વખતે વિપુલભાઇ દોડતા આવેલા અને મારા મમ્મીને મારવા દોડેલા." એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદીએ કોઇ સારવાર લીધેલ હોય અને તેનું સર્ટીફિકેટ મેળવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, આવો કોઇ બનાવ બનેલ ન હોય, પરંતુ મને મળેલી તપાસના કામે મે ખોટુ પંચનામું કરેલ હોય અને પોલીસ સ્ટેશનમા બેસી સાહેદોના મારી જાતે નિવેદનો તૈયાર કરેલા હોય અને પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ તૈયાર કરી મારી કામગીરી બતાવવા ચાર્જશીટ નામદાર અદાલતમા રજૂ રાખેલ હોય જેથી મારી તપાસને સમર્થન આપવા હાલના ખોટી જુબાની આપુ છું.

**<u>પુરાવાકીય મુલ્યાંકનઃ–</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

**ફોજદારી કાનુન શાસ્ત્રોના સિધ્ધાંત અને ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતઃ**

ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ "પુરાવાનુ મુલ્યાંકન" શબ્દ પુરાવાનાં કાયદામાં વ્યાખ્યાબદ્ધ રીતે કરવામાં આવેલ તેમજ કાનુન સમર્પિત કોઇ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારીત છે. પુરાવાની મુલવણી ભારતીય પુરાવાનાં કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિત અને ના-સાબિત વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષ પોતાની હકીકત વાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભાવના દર્શાવેલી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ક્યારેક આરોપી ઉપર ખસેડી શકાય નહીં અને તેથી બચાવપક્ષ પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. હાલના કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનું તહોમત છે. સદર ગુનાના તહોમત સાબિત કરવા ફરીયાદપક્ષની ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ મુજબ સચોટ પુરાવો રજૂ કરીને આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. ફરીયાદપક્ષે માત્ર સંભાવતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમતના ગુનાના તત્વો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાના હોય છે.

(૧૫) ફરીયાદપક્ષના સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આ કામના આરોપીઓ ઉપર ફરીયાદી અને આરોપી નં.૨ નાઓની વચ્ચે કોળીયાક ગ્રામ પંચાયત કચેરીમા સાફ સફાઇ બાબતે માથાકુટ થતા આ કામના આરોપીઓએ ફરીયાદી તથા ફરીયાદીના દીકરા સાહેદ સાથે માથાકુટ કરી ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી, તેને મુંઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોવાનો

આક્ષેપ કરેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી રતનબેન ચંદુભાઇ મકવાણાનો આંક–૦૭ થી પુરાવો આપેલ છે કે, બનાવ પંચાતની ઓફીસમા બનેલો. ત્યા તેઓ સફાઇ કામ કરે છે અને તેનું કામ કરી રહ્યા હતા ત્યારે તેઓ મંત્રી સાહેબને પુછવા ગયેલ ત્યારે તેને વિપુલ રવજી, તથા ગીતાબેન રવજીભાઇ તેમજ આરતીબેન વિપુલભાઇએ ગાળો ભાંડી અને તેને મારકુટ કરેલી. પરંતુ મુળ ફરીયાદ મુજબ પંચાયત ફરીયાદી કામ બાબતે તલાટી સાહેબને પુછવા ગયેલ અને ફરીયાદી ઓફિસની બહાર ઉભા હતા. ત્યારે આ કામના આરોપી ગીતાબેન અને આરતીબેન ઓફિસે સફાઇકામ કરતા હતા તેવી હકીકત લખાવેલ છે આમ, ખરેખર પંચાયત ઓફિસમાં આ કામના આરોપી નં.૧,૨ કામ કરતા હતા ત્યારે ફરીયાદી કામ બાબતે પુછવા ગયેલ હોવાની હકીકત છે ત્યારે મુળ ફરીયાદ અને તેના કોર્ટ રૂબરૂની જુબાનીમાં વિરોધાભાસ જોવા મળે છે. વધુમાં બનાવનું કારણ ફરીયાદી ઓફીસમા કામ કરતા હોય તે આરોપીઓને ગમતુ ન હોય તેની દાઝ રાખીને તેને માર મારેલાની હકીકત જુબાનીમાં જણાવેલ છે જ્યારે મુળ ફરીયાદમાં બનાવનું કારણ સફાઇકામ કરવા માટે મંત્રી સાહેબને પુછવા ગયેલ અને તે આરોપીઓને ગમતુ ન હોય તથા તેઓના કુટુંબની જુની અદાવતના કારણે બનાવ બનેલ હોવાનું લખાવેલ છે. આમ બનાવના કારણ બાબતે પણ શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં બચાવપક્ષેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે બેભાન હાલમા હતા અને પોલીસને તેના દીકરાએ રજૂઆત કરેલ તથા પોલીસે એક તૈયાર લખાણમા તેની સહી કરાવેલ. આમ, સદરહું ફરીયાદ ખરેખર ફરીયાદીએ નહીં પણ તેના દિકરાએ લખાવેલી હોવાનું જણાય છે. ત્યારે ફરીયાદીની જુબાની રહેલ વિરોધાભાસો અને ફરીયાદ તેના દિકરાએ લખાવેલ છે ફરીયાદીની સ્વાભાવિકતા અને વિશ્વસનીયતા અંગે શંકા ઊભી કરે છે. ફરીયાદપક્ષના સમર્થનમાં તપાસવામાં આવેલ પંચ સાહેદો ધર્મેશ અશોકભાઈ ભટ્ટ તથા મનુભાઈ ત્રિભોવનભાઈએ પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપ્યું નથી. બંને સાહેદોને **ફરી ગયેલા જાહેર** કરીને ઉલટતપાસ કરવામાં આવી હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂ કોઈ મહત્વની હકીકત બહાર આવેલ નથી. તેથી સદર પંચનામાને સ્વતંત્ર

પુરાવાનું સમર્થન મળતુ નથી. સ્વતંત્ર સાહેદ તરીકે તપાસવામાં આવેલ જગદીશભાઈ હરજીભાઈ સોલંકીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી, પરંતુ કોઈ મારામારી થઈ નહોતી. તેઓ ફરીયાદી પક્ષની મુખ્ય હકીકતને સમર્થન આપતા નથી. તેમને પણ **ફરી ગયેલા જાહેર** કરીને ઉલટતપાસ કરવામાં આવી હોવા છતાં ફરિયાદપક્ષ મારામારીની હકીકત વિશ્વસનીય રીતે બહાર લાવી શકેલ નથી. વધુમાં તલાટી કમ મંત્રી કિશોરભાઈ ગભાભાઈ વાઘેલાની જુબાની પણ સંપૂર્ણપણે વિશ્વસનીય જણાતી નથી. એક તરફ તેઓ બનાવ નજરે જોયેલો હોવાનું જણાવે છે, જ્યારે બીજી તરફ તેઓ સ્વીકારે છે કે તેઓ કચેરીની અંદર બેઠેલા હોય ત્યાંથી બહાર દેખાતું નથી અને બનાવ આશરે ૪૦ થી ૪૫ મીટર દૂર બન્યો હતો. તેઓ સરતપાસમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતા ન હોય જેથી જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા **ફરી ગયેલા જાહેર** કરી તેઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં તેઓએ સાહેદની ઉલટતપાસ કરતા તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ છે પરંતુ બચાવપક્ષેની ઉલટતપાસમાં તેઓને પોલીસ સમક્ષના નિવેદનની મહત્વની હકીકતો યાદ ન હોવાનું જણાવેલ છે. આવી પરિસ્થિતિમાં તેમની જુબાની પર સંપૂર્ણ આધાર રાખવો યોગ્ય જણાતું નથી. વધુમાં જયપાલ ચંદુભાઈ મકવાણા ફરીયાદીના પુત્ર છે. તેથી તેઓ રસ ધરાવતા (Interested) સાહેદ છે. તેમની જુબાનીમાં પણ મહત્વના સુધારા (Improvements) જોવા મળે છે. તેમણે કોર્ટમાં પ્રથમ વખત આરોપીઓએ વાળ પકડ્યા તથા વિપુલભાઈ દોડી આવ્યા હોવાનું જણાવ્યું છે, જ્યારે તપાસ અધિકારીની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે આ મહત્વની હકીકતો તેમના પોલીસ નિવેદનમાં નોંધાયેલી નહોતી. આવી મહત્વપૂર્ણ સુધારાઓ તેમની જુબાનીની વિશ્વસનીયતા ઘટાડે છે. વધુમાં તપાસ અધિકારી અશ્વિનસિંહ ચુડાસમાએ પણ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે ફરીયાદીએ કોઈ સારવાર લીધી હોવાનું કોઈ મેડિકલ પ્રમાણપત્ર તપાસ દરમિયાન મેળવવામાં આવ્યું નથી. કલમ ૩૨૩ હેઠળનો આરોપ સાબિત કરવા માટે ઈજાનો વિશ્વસનીય પુરાવો

મહત્વનો હોય છે. જ્યારે ફરિયાદી સારવાર લીધાનું કહે છે છતાં તે અંગે કોઈ મેડિકલ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. આ ફરીયાદપક્ષની ગંભીર ખામી ગણાવી શકાય તેમ છે. વધુમાં તપાસ અધિકારીએ એ પણ સ્વીકાર્યું છે કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી જમીન તથા અન્ય બાબતોને લઈને મનદુઃખ ચાલતું હતું. તેથી ખોટી રીતે સંડોવવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય તેમ નથી. કલમ ૫૦૪ તથા ૫૦૬(૨)ના આરોપ અંગે પણ માત્ર સામાન્ય આક્ષેપો કરવામાં આવ્યા છે. આરોપીઓએ કયા ચોક્કસ અપમાનજનક શબ્દો કહ્યા અથવા ચોક્કસ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી તે અંગે વિશ્વસનીય અને સ્વતંત્ર પુરાવો ઉપલબ્ધ નથી. આમ, ફરિયાદપક્ષનો પુરાવો મુખ્યત્વે રસ ધરાવતા સાહેદે મહદઅંશે સમર્થન સુધી મર્યાદિત રહે છે. સ્વતંત્ર સાહેદો ફરિયાદપક્ષને સંપૂર્ણ સમર્થન આપતા નથી. પંચ સાહેદો ફરી ગયા છે. મેડિકલ પુરાવાનો અભાવ છે ત્યારે ફરીયાદપક્ષના કેસ અને બનાવ અંગે વાજબી શંકા ઊભી થાય છે.

આમ, ફરીયાદપક્ષ રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરતા ફરીયાદપક્ષના પુરાવામાં ઘણા બધા ગંભીર વિરોધાભાસો રેકર્ડ પર આવેલ છે જેમાં ફરીયાદીની જુબાની અને એફ.આઈ.આર.માં ખુબ મોટા વિરોધાભાસો જણાય છે. જે બનાવની મુળ હકીકતને અસર કરતા હોવાનું રકેર્ડ પર આવેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટ તપાસમાં બચાવપક્ષે ઘણી બધી એવી હકીકતો રેકર્ડ પર લાવેલ છે જેના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉત્પન્ન થાય છે. અને બચાવપક્ષની દલીલોને સંપૂર્ણપણે નકારી શકાય તેમ નથી. વધુમાં ફરીયાદીની જુબાની અને અન્ય સાહેદોની જુબાનીમાં પણ મહત્વપૂર્ણ વિરોધાભાસો રેકર્ડ પર આવેલ છે અને ફરીયાદીની જુબાનીની અન્ય કોઇ પણ સાહેદનો સંપૂર્ણપણે સર્મથન કરતો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં સ્વતંત્ર સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે વધુમાં પંચનામાના પંચો પણ ફરી ગયેલા જાહેર થયેલ છે અને અટક પંચનામું પણ સાબિત થયેલ નથી. વધુમાં આ કામે સૌથી મહત્વનો મેડીકલ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ આ કામના ત.ક.અ.શ્રીએ બચાવપક્ષની ઉલટતપાસમાં ઘણી બધી એવી

હકીકતો ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ રેકર્ડ પર લાવેલ છે જેના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉત્પન્ન થાય છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ−૩૨૩</u>**

હવે આરોપ મુજબની દરેક કલમ અંગે વિચારીએ તો ભારતીય દંડ સંહિતાની કલમ−૩૨૩ હેઠળ આરોપીએ ફરીયાદીને સ્વેચ્છાએ ઈજા પહોંચાડી હતી તે બાબત વિશ્વસનીય અને નિઃશંક પુરાવાથી સાબિત થવી જરૂરી છે. પરંતુ સ્વતંત્ર સાહેદો ફરી ગયેલા હોય, તથા ફરીયાદીની જુબાનીમાં અનેક વિરોધાભાસો હોય, ફરીયાદી અને સાહેદોની જુબાનીમાં પણ વિરોધાભાસ હોય, તથા પંચો પણ ફરી ગયેલા હોય તથા કોઈપણ મેડિકલ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, ત્યારે કહેવાતી ઈજા આરોપીઓએ જ પહોંચાડી હતી તે બાબત વાજબી શંકાથી પર સાબિત થતી નથી.

**<u>ઇ.પી.કોડની કલમ−૫૦૪, ૫૦૬(૨) સંદર્ભેઃ−</u>**

નામ.ગુજરાત હાઇકોર્ટનાં ૨૦૦૭ (૧)−જીએલએચ.૩૩૭−પ્રવિણ બેચરભાઇ વણકર અને બીજાઓ−વિરૂદ્ધ−સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં સ્પષ્ટરીતે ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ−૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કરવા આરોપીઓ દ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે રેકર્ડ ઉપર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. કલમ−૫૦૬(૨) માં મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીનાં કારણે ફરીયાદીને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઇએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઇએ. વધુમાં આવી ધમકીનાં કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશક્તિમાન થયેલા હોવા જોઇએ. જો આવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબિત થતો નથી. હાલનાં

કેસમાં આ સિધ્ધાંતને ધ્યાને લઈ આ બાબતે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) લાગુ પડતી નથી તેવું અત્રેની અદાલતનું પ્રમાણિકપણે માનવું છે. સાથોસાથ ફરીયાદીને મોતની ધમકી આરોપીઓએ આપેલ હોવાની હકીકતને ફરીયાદી અને અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળતું ન હોય જેથી તે પુરવાર થયેલું નથી. જેથી સદર ચુકાદો (૧) મુસ્તુફખાન યાસીનખાન પઠાણ વિ.સ્ટેટ ઓફ ગુજરાત જી.એલ.એચ.૨૦૦૨ (૧) - યુ.જે.નામ.ગુજરાત હાઈકોર્ટ પાન.૪ તે ચુકાદો ઈ.પી.કો.ની કલમ-૫૦૬ (૨) આરોપીપક્ષને પૂરતો મદદકર્તા હોય તેવું અત્રેની અદાલતનું પ્રમાણિકપણે માનવું છે. વધુમાં નામદાર ગુજ.વડી અદાલતે "પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત" જે ૨૦૦૭ (૧) જી.એલ.એચ. પાન નં.૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to the Section-506 is concerned, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened. આમ, ઉપરોક્ત ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી આરોપીઓ સામેના ઈ.પી.કો. કલમ-૫૦૪, ૫૦૬(૨) મુજબના કોઈ તત્વો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ ઉપરોક્ત ચર્ચા કરેલ ચુકાદાના સિદ્ધાંતો મુજબ આ કામના આરોપીઓને ઈ.પી.કો.કલમ-૫૦૪, ૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા આવશ્યક તત્વો પુરવાર થયેલ ન હોય, ઈ.પી.કો.કલમ-૫૦૪, ૫૦૬(૨) માં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૬)** આમ, આ કામે તમામ પુરાવાઓ તથા હકીકતો ધ્યાને લેતાં,આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર એવો ગુનો કહેલ હોવાની હકીકત

ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ ની જોગવાઇ અન્વયે નિ:શંકપણે પુરવાર થયેલ નથી. તેવા સંજોગોમાં **મુદ્દા નં.૧** નો જવાબ **"નકારમાં"** ઠરાવી, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>//આખરી હુકમ //</u>**

➔ આ કામનાં આરોપી **(૧)** વિપુલભાઇ રવજીભાઇ મકવાણા **(૨)** આરતીબેન વા/ઓ વીપુલભાઇ રવજીભાઇ મકવાણા **(૩)** ગીતાબેન વા/ઓ રવજીભાઇ કાનજીભાઇ મકવાણાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનાં ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭–એ મુજબ આજ તારીખથી છ માસની મુદ્દત માટેનાં અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા બાબતના રૂ.૧૫૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા)નાં જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૮/૨૦૨૬
સ્થળઃ ઘોઘા

**(અનમોલ શ્યામસુંદર ગોયલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
ઘોઘા,જિ.ભાવનગર
(યુનિક જજ કોડ જીજે.૦૧૬૨૨)

એ.આર.મકવાણા